



Annexure-A

દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

અપનાવીને બેઠકના સ્થળનું નામ રઘુવરપુરમ રાખ્યું છે. પટનામાં આમ આદમી પાર્ટીનાં હોર્ડિંગ્સ પણ લાગ્યાં છે પણ તેમાં અરવિંદ કેજરીવાલને દેશના પુત્ર ગણાવાયા છે.

ઉધ્ધવની નજીકના માણસો પર ઈડીના દરોડા

મહારાષ્ટ્રમાં ઉધ્ધવ ઠાકરેની નજીક મનાતા લોકો પર ઈડીના દરોડાના પગલે ફરી રાજકીય ગરમીનો માહોલ છે. મુંબઈ કોર્પોરેશનના કોવિડ સેન્ટર કૌભાંડ કેસમાં ઈડીએ શિવસેના (ઉદ્ધવ)ના સેક્રેટરી સૂરજ ચવ્હાણ, આઈએએસ અધિકારી સંજીવ જયસ્વાલ અને સંજય રાઉતના બિઝનેસ પાર્ટનર સુજીત પાટકરને ત્યાં દરોડા પાડ્યા છે. ઈડીનો દાવો છે કે, આ કૌભાંડ ૧૨,૫૦૦ કરોડ રૂપિયાનું છે.

કોરોનાકાળમાં મહારાષ્ટ્રમાં સંખ્યાબંધ કોવિડ કેન્દ્રો બનાવવામાં આવ્યાં હતા. ભાજપનો આક્ષેપ છે કે, કોવિડ કેન્દ્રોના કોન્ટ્રાક્ટ ઉદ્ધવ ઠાકરે અને તેમના પુત્ર આદિત્ય ઠાકરેના નજીકના લોકોને આપવામાં આવ્યા હતા. એ વખતે ભાજપ વિપક્ષમાં હતો અને દેવેન્દ્ર ફડણવીસે આક્ષેપ કર્યો હતો હતો કે બીએમસીમાં કોવિડ સેન્ટરના નામે ૧૨,૫૦૦ કરોડનું કૌભાંડ થયું છે.

શિવસેનાનું કહેવું છે કે, કોવિડકાળમાં ઉધ્ધવ ઠાકરે સરકારની કામગીરીને સૌએ વખાણી હતી. ભાજપથી આ સહન થયું નથી તેથી ખોટા કેસ કરીને ફસાવવા માગે છે.

કેજરીવાલનો આગ્રહ, પહેલાં વટહુકમ પર ચર્ચા કરો

પટનામાં શુક્રવારે વિપક્ષી એકતા માટે યોજાનારી બેઠક પહેલાં અરવિંદ કેજરીવાલે તમામ પક્ષોને પત્ર લખીને આગ્રહ કર્યો છે કે, કેન્દ્રના વટહુકમ પર આ બેઠકમાં સૌથી પહેલાં ચર્ચા કરવામાં આવે. કેજરીવાલનો દાવો છે કે, આ વટહુકમ દ્વારા મોદી સરકારે બિન-ભાજપ શાસિત રાજ્યોની સરકારોને આડકતરી ધમકી આપી છે. દિલ્હીનો વટહુકમ એક પ્રયોગ છે. આ પ્રયોગ સફળ થશે તો કેન્દ્ર સરકાર બિન-ભાજપ રાજ્યો માટે આવો જ વટહુકમ લાવીને રાજ્ય સરકારોની સત્તા છીનવી લેશે. કેન્દ્ર સરકાર વીજળી, શિક્ષણ, વેપારને લગતા કોઈપણ રાજ્યના અધિકારોને સંપૂર્ણપણે છિનવી શકે છે.

બંધારણીય નિષ્ણાતોનું માનવું છે કે, કેજરીવાલની વાતમાં તથ્ય છે. ભાજપ પાસે રાજ્યસભામાં સંપૂર્ણ બહુમતી નથી તેથી ભાજપ વિપક્ષી સરકારોને સીધી રીતે હેરાન કરવાની હિંમત નથી કરતો પણ આડકતરી રીતે હેરાન કરે જ છે. સુપ્રીમના ચુકાદા પછી પણ મોદી સરકાર વટહુકમ લાવી એ બંધારણનો અનાદર કરવાની માનસિકતા બતાવે છે.

એનસીપીમાં ફરી ડખો, અજીતની રાજીનામાની ઓફર

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)માં નેતૃત્વને મુદ્દે ફરી ઘમાસાણના સંકેત છે. શરદ પવારે સુપ્રિયા સૂલે અને પ્રફુલ્લ પટેલને એનસીપીના કાર્યકારી પ્રમુખ બનાવતાં છંછેડાયેલા અજિત પવારે વિધાનસભામાં વિપક્ષના નેતાનું પદ છોડવાની ઈચ્છા વ્યક્ત કરી છે. અજીતે પોતે પાર્ટી સંગઠનમાં કામ કરવા માંગે છે એમ પણ કહ્યું છે.

શરદ પવારની હાજરીમાં અજીતે કહ્યું કે, પોતે સામેથી વિપક્ષી નેતાપદની માંગ કરી ન હતી પણ પક્ષના ધારાસભ્યોના આગ્રહથી આ હોદ્દો સ્વીકાર્યો હતો. હવે હું વિપક્ષી નેતાનું પદ છોડવા માંગુ છું અને સંગઠનમાં કામ કરવા માંગુ છું. હું ખાતરી આપું છું કે, શ્રેષ્ઠ પરિણામો આપીશ અને તમે જે પણ હોદ્દો આપશો તે હું સ્વીકારીશ.

એનસીપીનાં સૂત્રોનું માનવું છે કે, અજીતે આડકતરી રીતે સૂલે અને પટેલની સાથે પોતાને પણ કાર્યકારી હોદ્દો અપાય એવી ઈચ્છા વ્યક્ત કરી દીધી છે. શરદ પવાર આ માગણી સ્વીકારી શકે તેમ નથી તેથી સંઘર્ષ નિશ્ચિત છે.

મણિપુરમાં હિંસા ના રોકાતાં સર્વપક્ષીય બેઠક

મણિપુરમાં હિંસા અટકવાનું નામ નથી લઈ રહી અને અત્યાર સુધીમાં ૧૦૦થી વધારે લોકોએ જીવ ગુમાવ્યો છે ત્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સ્થિતીની ચર્ચા કરવા સર્વપક્ષીય બેઠક બોલાવી છે. સૂત્રોના મતે, આ બેઠકમાં રાષ્ટ્રપતિશાસન લાદવા અંગે નિર્ણય લેવાઈ શકે છે.

મણિપુરમાં સ્થિતિ રાજ્ય સરકાર સ્થિતિ પર કાબૂ મેળવી શકતી નથી. ભાજપના નેતા જ રાષ્ટ્રપતિશાસનની માગ કરી રહ્યા છે તેથી મોદી સરકાર ભીંસમાં છે. વિપક્ષો પણ હિંસા મુદ્દે મોદીના મૌન સામે સવાલો કરી રહ્યા છે. આ સ્થિતીનો ઉકેલ શોધવા શાહે છેવટે સર્વપક્ષીય બેઠક બોલાવવી પડી છે.

શાહે મણિપુરમાં સ્થિતીનો તાગ મેળવવા આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાને મોકલ્યા હતા. સરમા, એનડીએના નોર્થ-ઈસ્ટ ડેમોક્રેટિક એલાયન્સના કો-ઓર્ડિનેટર પણ છે, સરમા મણિપુરના મુખ્ય પ્રધાન એન બિરેન સિંહ અને કેટલાક રાજકીય નેતાઓને મળ્યા હતા. એ પછી તેમણે શાહને દિલ્હી આવીને રીપોર્ટ આપતાં શાહે સર્વપક્ષીય બેઠક બોલાવવાનું નક્કી કર્યું છે.

મ.પ્ર.માં ભાજપ યાદવોને રીઝવવા કામે લાગ્યો

મધ્યપ્રદેશમાં આ વર્ષના અંતમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી જીતવા મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે યાદવ કાર્ડ ખેલીને જાહેરાત કરી છે કે, રાજ્યમાં ભગવાન કૃષ્ણ સાથે જોડાયેલા સ્થળોનો વિકાસ કરવામાં આવશે. ચૌહાણે દાવો કર્યો કે, અમે ઉજ્જૈનમાં સ્થિત સાંદીપનિ આશ્રમના વિકાસમાં કોઈ કસર છોડી નથી. આ આશ્રમમાં ભગવાન કૃષ્ણએ શિક્ષણ મેળવ્યું હતું. હવે અમે ધીમે ધીમે રાજ્યમાં ભગવાન કૃષ્ણ સાથે જોડાયેલા અન્ય સ્થળોનો પણ વિકાસ કરીશું.

કોંગ્રેસે પહેલાં જ હિંદુ દેવી દેવતાઓ સાથે જોડાયેલા ધાર્મિક સ્થળોને વિકસાવવાની જાહેરાત કરી દીધી છે તેથી ચૌહાણે આ જાહેરાત કરવી પડી છે. તાજેતરમાં જ્યોતિરાદિત્યના વફાદાર મનાતા બૈજનાથ સિંહ યાદવ કોંગ્રેસમાં જોડાયા હતા. આ પહેલા ભાજપના અન્ય નેતા યાદવેન્દ્ર સિંહ યાદવ માર્ચમાં કોંગ્રેસમાં જોડાયા હતા.

મધ્ય પ્રદેશની વસતીમાં યાદવ સમુદાયનું પ્રમાણ ૧૪ ટકા છે. આ બંને નેતાના જવાથી ફટકો પડશે એ ડરે ભાજપે યાદવોને રીઝવવા માંડ્યા છે.

* * *

મુખમેં રામ....આજની વિપક્ષી બેઠક વિષે માયાવતીનું વલણ

આવતીકાલે તા.૨૩ જૂને પટણામાં યોજાનારી વિપક્ષોની બેઠકના મુદ્દે ગરમાવો વધી રહ્યો છે ત્યારે એમાં ભાગ નહિ લેનારા બસપાના વડા માયાવતીએ ટ્વિટ કર્યું કે પ્રાદેશિક પક્ષો એક જ સરોવરમાં નથી. આ પક્ષોએ આવી બેઠક અગાઉ એમનું મન તથા ઉદેશો સ્પષ્ટ કરી લીધા હોત તો સારૂં થાત. યુ.પી માં લોકસભાની ૮૦ બેઠકો કસોટી કરાવે એવી છે. પરંતુ વિપક્ષોના વલણ પરથી એમને આ બેઠકોની ગંભીરતા હોય એવું જણાતું નથી. સાચી પ્રાથમિકતાઓ વિના કોઇ પરિવર્તન આવશે ખરૂં, એમ માયાવતીએ ટ્વિટ કર્યું છે.

મણિપુર વિષેની સર્વપક્ષીય બેઠક ખૂબ મોડી : કોંગ્રેસ

ગૃહમંત્રી અમિત શાહે મણિપુરની કથળતી હાલત વિષે ૨૪ જૂને દિલ્હીમાં સર્વપક્ષીય બેઠક યોજી છે, જેને કોંગ્રેસે અત્યંત મોડી ગણાવી છે, વરિષ્ઠ કોંગ્રેસી નેતા કે.સી. વેણુગોપાલે ગુરૂવારે કહ્યું કે સોનિયા ગાંધીએ મણિપુરી પ્રજાને સંબોધ્યા પછી કેન્દ્ર સફાળું જાગ્યું છે. ૨૪ જૂનની બેઠકમાં વડાપ્રધાનની ગેરહાજરી, પોતાની નિષ્ફળતાઓના સામના માટે એમની કાયરતા અને અનિચ્છા દર્શાવે છે. એમને આ મુદ્દે મળવા ઇચ્છતા પ્રતિનિધિ મંડળો માટે એમની પાસે સમય નથી.

ગૃહમંત્રી પોતે મણિપુરની મુલાકાત લઇને પરિસ્થિતિનો તાગ કાઢી ચૂક્યા છે અને એમણે પગલાં લીધા છે પરંતુ પરિસ્થિતિમાં કોઇ સુધારો નથી. હકીકતમાં એમની મુલાકાત પછી પરિસ્થિતિ વણસી છે, એમ કોંગ્રેસી નેતા વેણુગોપાલે ઉમેર્યું.

કેટલાક દેશો ભાગલા પાડીને રાજ કરવા માગે છે : ભાગવત

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે મંગળવારે નાગપુરમાં એક પુસ્તકના લોકાર્પણના કાર્યક્રમમાં જણાવ્યું કે કેટલાક દેશો ભાગલા પાડીને રાજ કરવાની નીતિનું પુનરાવર્તન કરવા માગે છે, પરંતુ તેઓ સંગઠિત ભારતને પરાસ્ત કરી શકે નહિ. અંગ્રેજોએ ૧૮૫૭ના બળવા પછી ઉપરોક્ત નીતિ વ્યવસ્થિતપણે અપનાવી હતી. એ પછી વિદેશી શાસકોએ બંગાળના ભાગલા વખતે હિંદુઓ અને મુસ્લિમોના વિભાજનની સોગઠી ખેલી, પરંતુ તેઓ અત્યંત નિષ્ફળ રહ્યા કારણ કે દેશવાસીઓ સંગઠિત થઇને ગોરાઓ સામે લડ્યા, એમ ભાગવતે ૧૯૦૫ના બંગાળના ભાગલાના સંદર્ભે જણાવ્યું.

પંજાબના મુખ્યમંત્રીને અકાલી દળની ચેતવણી

શિરોમણિ અકાલી દળના નેતા ડો.દલજીત સિંહ ચીમાએ કહ્યું કે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન દ્વારા રાજ્યના બંધારણીય વડા એવા રાજ્યપાલ સાથે અપનાવાઈ રહેલા દુશ્મનીભર્યા વલણના પ્રત્યાઘાત, રાજ્ય અને એના લોકો માટે ભયજનક બની રહેશે. ચીમાએ ચંડીગઢમાં પત્રકારોને કહ્યું કે પંજાબીઓના હિતોની જાળવણી કરી એમના પ્રશ્નો ઉકેલવાને બદલે મુખ્યમંત્રી રાજ્યપાલ બનવારીલાલ પુરોહિત સાથે દીર્ઘકાલીન સામસામી ગાળાગાળીમાં પ્રવૃત્ત થઇ રહ્યા છે. આમ કરવામાં તેઓ એમના મોભાદાર પદનું ગૌરવ ઘટાડે છે. ચીમાએ રાજ્યપાલે યોજેલી પત્રકાર પરિષદના સંદર્ભે કહ્યું કે આ પત્રકાર પરિષદમાં પુરોહિત જે બોલ્યા એના પરથી સ્પષ્ટ થઇ ગયું છે કે પંજાબ ટેકનિકલ યુનિવર્સિટીના ઉપકુલપતિના પદ માટે ઉમેદવારોનું સ્ક્રીનિંગ કરવા આમ આદમી પાર્ટીએ રચેલી સ્ક્રીનિંગ કમિટી યુજીસી (યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન)ના ધારાધોરણ મુજબ નહોતી.

પટણા મીટિંગમાં બેઠક-વહેંચણીની ફોર્મ્યુલા સૂચવાશે

આવતીકાલે તા.૨૩ જૂને પટણામાં યોજાઇ રહેલી દેશના વિપક્ષોની મહત્વપૂર્ણ બેઠકમાં જેડી(યુ) અને રાજદ બેઠક વહેંચણીની ફોર્મ્યુલા સૂચવે એવી શક્યતા છે. આ માટેના માપદંડરૂપે કોઇપણ પક્ષ દ્વારા વિધાનસભા તથા લોકસભાની છેલ્લી ત્રણ ચૂંટણીઓમાં થયેલા દેખાવને ધ્યાનમાં લેવાશે. આ બંને ચૂંટણીઓમાં જે તે પક્ષ દ્વારા જીતાયેલી બેઠકો અને એણે મેળવેલા મત એ બંને મુદ્દે ભાર મૂકાશે. વિવિધ વિપક્ષોના ટોચના નેતાઓ વચ્ચે, ઉપરોક્ત ફોર્મ્યુલા, ચર્ચા માટેની રૂપરેખાનો ભાગ બની રહેશે.

૨૩ જૂનની બેઠક માટે કેજરીવાલનો વિપક્ષોને પત્ર

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આવતીકાલે તા.૨૩ જૂને પટણામાં યોજાઈ રહેલી વિપક્ષી બેઠકમાં કેન્દ્રના તાજેતરના વિવાદાસ્પદ વટહુકમની ચર્ચા કરવા વિપક્ષોને પત્ર પાઠવ્યો છે. એ તો સુવિદિત છે કે આ વટહુકમ અમલી બને તો દિલ્હીમાં સેવાઓ બાબતે અંકુશ મુદ્દે સુપ્રીમ કોર્ટે આપેલો ચુકાદો અપ્રસ્તુત બની જશે. આવો વટહુકમ અન્ય રાજ્યો માટે આવી શકાય. આ મુદ્દે રાજકીય પક્ષો પોતાનું વલણ સ્પષ્ટ કરે એવો આગ્રહ પણ કેજરીવાલે પત્રમાં રાખ્યો છે. આ મુદ્દાને ફક્ત દિલ્હીનો પ્રશ્ન સમજીને ચાલશો નહિ એમ પણ આપના વડાએ વિપક્ષોને સાવધાન કર્યા છે.

તેલંગાણાની મેડિકલ કોલેજો પર દરોડા

ઈડી (ઇન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ)એ મેનેજમેન્ટ ક્વોટાની બેઠકોની ફાળવણીમાં થયેલી ગેરરીતિઓ બાબત તેલંગાણાની કેટલીક ખાનગી મેડિકલ કોલેજોમાં દરોડા પાડ્યા છે. રાજ્યની થોડીક જ મેડિકલ કોલેજો અને હોસ્પિટલો જાણીતા બિઝનેસ-ગૃહો તથા રાજકીય નેતાઓ સાથે સંકળાયેલી છે. આ રાજકીય નેતાઓ મોટે ભાગે રાજ્યના શાસક પક્ષ બીઆરએસ (ભારત રાષ્ટ્ર સમિતિ)ના છે. ઈડીએ હૈદરાબાદ, મેડચાલ, વારાન્ગલ, મહબૂબનગર અને અન્ય સ્થળોએ દરોડા પાડ્યા છે.

- ઈન્દર સાહની

બાઈડેન દંપતિને ગુજરાતનું મીઠું, સહિતની ભેટ પણ આપી

પીએમ મોદીએ જીલ બાઈડેનને ૭.૫ કેરેટનો ગ્રીન ડાયમન્ડ ભેટ આપ્યો

વોશિંગ્ટન, તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ જો બાઈડેન અને ફર્સ્ટ લેડી જિલ બાઈડેન દ્વારા વ્યક્તિગત ડિનરમાં ભાગ લીધો હતો. આ સમયે વડાપ્રધાન મોદીએ ફર્સ્ટ લેડી જીલ બાઈડેનને ૭.૫ કેરેટનો ગ્રીન લેબ નિર્મિત ડાયમન્ડ ભેટમાં આપ્યો હતો. બીજીબાજુ બાઈડેન દંપતિએ પણ પીએમ મોદીને અનેક ભેટ આપી હતી.

બાઈડેન દંપતિએ રોબર્ટની સંગ્રહિત કવિતાઓની પ્રથમ આવૃત્તિની નકલ, વિન્ટેજ કેમેરા સહિત અનેક સોગાદ આપી

વ્હાઈટ હાઉસે જણાવ્યું હતું કે, જો બાઈડેન અને જીલ બાઈડેન તરફથી પીએમ મોદીને ૨૦મી સદીની શરૂઆતમાં હસ્તનિર્મિત પ્રાચીન અમેરિકન પુસ્તક ગેલી સહિતની અનેક ભેટ અપાઈ હતી. આ સિવાય પ્રમુખ બાઈડેને વિન્ટેજ અમેરિકન કેમેરો, જ્યોર્જ ઈસ્ટમેનના પહેલા કોડક કેમેરાની પેટન્ટની એક અભિલેખીય પ્રતિકૃતિ અને અમેરિકન વન્યજીવ ફોટોગ્રાફીના એક હાર્ડકવર પુસ્તકની ભેટ આપી હતી. જિલ બાઈડેને પીએમ મોદીને 'કલેક્ટેડ પોયમ્સ ઓફ રોબર્ટ'ની હસ્તાક્ષરવાળી પ્રથમ આવૃત્તિની નકલ ભેટમાં આપી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ .પણ બાઈડેન દંપતિને અનેક ભેટ આપી હતી, જેમાં અજર્વ દાન માટે પંજાબનું ઘી, ગોળના દાન માટે મહારાષ્ટ્રનો ગોળ, લવણ દાન માટે ગુજરાતનું મીઠું, ધાન્ય દાન માટે ઉત્તરાખંડના લાંબા દાણાવાળા ચોખા, હિરણ્ય દાન માટે રાજસ્થાનના હસ્તનિર્મિત ૨૪ કેરેટ શુદ્ધ અને હોલમાર્કવાળા સોનાના સિક્કા, રૌપ્યદાન માટે એક બોક્સમાં ૯૯.૫ ટકા શુદ્ધ અને હોલમાર્કવાળા ચાંદીના સિક્કા, તિલદાન માટે તમિલનાડુના તલ, ભૂદાન માટે મૈસુરમાંથી મેળવાયેલ ચંદનનો સુગંધિત ટુકડો, ગૌદાન માટે પશ્ચિમ બંગાળના કારીગરો દ્વારા હસ્તનિર્મિત ચાંદીનું નારિયેળનો સમાવેશ થાય છે.

આ સિવાય વડાપ્રધાને એક બોક્સમાં વિઘ્નહર્તા ભગવાન ગણેશની ચાંદીની મૂર્તિ અને દિવો, ઉત્તર પ્રદેશમાં નિર્મિત તામ્રપત્ર પણ ભેટમાં આપ્યા હતા. વડાપ્રધાન મોદીએ ફર્સ્ટ લેડી જીલ બાઈડેનને વિશેષરૂપે લેબમાં તૈયાર કરાયેલો ૭.૫ કેરેટનો હીરો (ગ્રીન ડાયમન્ડ) ભેટમાં આપ્યો હતો. આ હીરો પૃથ્વીમાંથી ખોદવામાં આવેલા હીરાના રાસાયણિક અને ઓપ્ટિકલ ગુણ દર્શાવે છે. હિરો પર્યાવરણને અનુકૂળ સૌર અને પવન ઊર્જા જેવા સંસાધનોનો ઉપયોગ કરીને બનાવાયો છે. આ સિવાય તેમણે પેપર મેશી પણ ભેટમાં આપી છે, જેમાં હીરો મૂકી શકાય છે.

ભારત-યુ.એસ.ના

(પહેલા પાનાનું ચાલુ)

ભજવશે. બંને દેશ વૈશ્વિક શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધતા માટે સાથે મળીને કામ કરવા કટિબદ્ધ છે. આ સાથે પીએમ મોદીએ 'ગોડ બ્લેસ અમેરિકા' અને જયહિંદ સાથે સંબોધન સમાપ્ત કર્યું હતું.

આ પહેલાં પ્રમુખ બાઈડેને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આવકારતા જણાવ્યું હતું કે, અમેરિકા અને ભારતના સંબંધો ૨૧મી સદીના નિર્ણાયક સંબંધોમાંથી એક છે. પીએમ મોદીનું વ્હાઈટ હાઉસમાં ફરીથી સ્વાગત છે. હું અહીં સ્ટેટ વિઝિટ પર તમારા યજમાન બનનાર પહેલી વ્યક્તિ બનીને સન્માન અનુભવું છું. ભારત-અમેરિકાના બંધારણમાં પહેલા ત્રણ શબ્દો એક સમાન છે - 'અમે દેશના નાગરિક'.

બાઈડેને ઉમેર્યું કે આપણા લોકો વચ્ચે સ્થાયી સંબંધ અને સંયુક્ત મૂલ્યો અને વર્તમાન મુદ્દાઓના ઉકેલ માટે વૈશ્વિક નેતાઓ તરીકે આપણી સંયુક્ત જવાબદારી છે. તમારા સહયોગથી આપણે સ્વતંત્ર, મુક્ત, સુરક્ષિત અને સમૃદ્ધ ઈન્ડો-પેસિફિક માટે ક્વાડને મજબૂત કર્યું છે. દાયકાઓ પછી લોકો ભૂતકાળ તરફ નજર કરીને કહેશે કે ક્વાડે વૈશ્વિક ભલાઈ માટે ઈતિહાસની દિશા બદલી નાંખી.

દરમિયાન વડાપ્રધાન મોદી અને પ્રમુખ બાઈડેને ગુરુવારે સંરક્ષણ, અવકાશ, સ્વચ્છ ઊર્જા અને મહત્વપૂર્ણ ટેક્નોલોજી જેવા ક્ષેત્રોમાં ભારત-અમેરિકાના વ્યૂહાત્મક સંબંધો વધારવાના આશય તેમજ પારસ્પરિક અને વૈશ્વિક હિતોના મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. પીએમ મોદી અને બાઈડેને પ્રતિનિધિમંડળ સ્તરની દ્વિ-પક્ષીય વાટાઘાટો પહેલાં વ્હાઈટ હાઉસની ઓવલ ઓફિસમાં આમને-સામને બેઠક કરી હતી.

૨૦૨૨માં સ્વિસ

(પહેલા પાનાનું ચાલુ)

રકમની બાબતમાં બ્રિટન ટોચ પર છે. ત્યારબાદ બીજા ક્રમે અમેરિકા છે. વિદેશી ક્લાયન્ટની જમા રકમની બાબતમાં બ્રિટન૩૦૯ અબજ સ્વિસ બેંકની રકમ સાથે પ્રથમ ક્રમે છે. ૧૩૩ અબજ સ્વિસ બેંકની રકમ સાથે અમેરિકા બીજા ક્રમે છે.

ત્યારબાદ વેસ્ટ ઇન્ડિઝ, ફ્રાન્સ, જર્મની, હોંગકોંગ, સિંગાપોર, લક્ઝમ્બર્ગ, બહામાસ, નેધરલેન્ડ, યુએઇ, ગર્નસે, સાયપ્રસ, ઇટાલી, ઓસ્ટ્રેલિયા, જર્સી, કેમેન આઇલેન્ડ, રશિયા, જાપાન, પનામા, સ્પેન, તાઇવાન, સાઉદી અરેબિયા, ચીન અને ઇઝરાયેલનો ક્રમ આવે છે.

અમેરિકા એચ-૧ બી

(પહેલા પાનાનું ચાલુ)

૬૫,૦૦૦ એચ-૧ બી વિઝા આપે છે. એટલે કે અમેરિકન ટેક્નોલોજી કંપનીઓ આટલી સંખ્યામાં વિદેશી આઈટી પ્રોફેશનલ્સને નોકરીમાં રાખી શકે છે. એમાં ભારતની અમેરિકામાં કામ કરતી ટીસીએ અને ઈન્ફોસિસ ઉપરાંત ગૂગલ, ફેસબુક, એમેઝોન અને માઈક્રોસોફ્ટ મુખ્ય છે. આ વિઝા ત્રણ વર્ષ માટે મળે છે અને તે પછી ફરીથી ત્રણ વર્ષ માટે રિન્યૂ થાય છે. પરંતુ તે માટે એક વખત સ્વદેશ આવી જવું પડે છે અથવા બીજા દેશમાં જઈને ફરીથી અરજી કરવાની રહે છે. નવી જોગવાઈ પ્રમાણે અત્યારે એચ-૧ બી વિઝા લઈને કાર્યરત આઈટી પ્રોફેશ્નલ્સ પણ ફરીથી વિદેશમાં કે સ્વદેશ પાછા ફર્યા વગર અરજી કરીને ત્રણ વર્ષ માટે વિઝા રિન્યૂ કરાવી શકશે.

ઉલ્લેખનીય છે કે અમેરિકાએ ગયા વર્ષે ૧.૨૫ લાખ ભારતીય વિદ્યાર્થીઓને વિઝા આપ્યા હતા. આ અત્યાર સુધીનો રેકોર્ડ છે. આટલી મોટી સંખ્યામાં અમેરિકાએ પહેલી વખત કોઈ દેશના વિદ્યાર્થીઓને સ્ટડી માટે વિઝા આપ્યા હતા. ભારત સરકારે અમેરિકન અધિકારીઓ સામે ભારતીયોને વિઝા મેળવવામાં પડતી મુશ્કેલી બાબતે અવારનવાર રજૂઆતો કરી છે. અત્યારે અમેરિકાની ટેક્નોલોજી ક્ષેત્રની કંપનીઓમાં છટણીનો દૌર ચાલ્યો હોવાથી અસંખ્ય આઈટી નિષ્ણાતોને ૬૦ દિવસમાં બીજી નોકરી શોધવાની ફરજ પડી છે અથવા તો સ્વદેશ પાછા ફરવું પડશે. તે બાબતે પણ ભારતના વિદેશ મંત્રાલયે રજૂઆત કરી હતી.

ટાઈટેનિક ડૂબ્યું એ સ્થળે ગયેલી સબમરીન સમુદ્રમાં લાપતા થઈ હતી

ગુમ થયેલી ટાઇટન સબમરીનમાં ઓક્સિજનનો ૯૬ કલાકનો જથ્થો પૂરો

દુબઈ, તા. ૨૨

એટલાન્ટિક મહાસાગરમાં ૧૯૧૨માં ડૂબી ગયેલા ટાઈટન જહાજનો કાટમાળ જોવા માટે ટાઈટન નામની સબમર્સિબલમાં ગયેલા પાંચ લોકો ગયા હતા. એના ૯૬ ટકા થઈ ચૂક્યા છે. આ ખાનગી સબમર્સિબલમાં ચાર દિવસ ચાલે એટલો ઓક્સિજન હતો. તેમના બચવાની શક્યતા ઘટી ગઈ છે. ટાઈટનને શોધવા માટે અમેરિકા-કેનેડા અને ફ્રાન્સે ઓપરેશન શરૂ કર્યું છે. ચાર-ચાર દિવસના પ્રયાસો છતાં તેની કોઈ ભાળ મળી નથી.

સબમરીનમાં ચાર દિવસ ચાલે એટલો ઓક્સિજન હતો : શોધવાના પ્રયાસો ચાલુ, પાંચ લોકોને હવે ચમત્કાર જ બચાવી શકશે

ઉત્તર એટલાન્ટિકમાં ટાઈટેનિક ડૂબી ગયું હતું. એ સ્થળે દરિયાના પેટાળમાં ટાઈટેનિકનો કાટમાળ પડ્યો છે. તેને જોવા જવા માટેનું ટૂરિઝમ શરૂ થયું છે. પાકિસ્તાનના ઉદ્યોગપતિ તેના દીકરા સાથે ટાઈટન નામની સબમરીનમાં અન્ય ત્રણ લોકો પણ હતા. જેમાં બ્રિટિશ સાહસિક હામિશ હાર્ડિંગ, ફ્રાન્સનો સાહસિક અને ટાઈટેનિક એક્સપર્ટનો સમાવેશ થતો હતો.

ટાઈટન સબમરીનમાં પાંચ લોકો માટે ચાર દિવસ ચાલે એટલો ઓક્સિજન હતો. ઓશન ગેટ નામની કંપની ટાઈટન સબમરીનની મદદથી ટાઈટેનિકનો કાટમાળ જોવા લઈ જતી હતી. ૨૦૨૧ અને ૨૦૨૨ દરમિયાન ૪૬ લોકો આ રીતે ટાઈટેનિકનો કાટમાળ જોઈ આવ્યા હતા. જોકે, આ વખતે મધદરિયે અચાનક ગુમ થઈ ગયેલી આ સબમરીનની ચાર દિવસ પછી ય કોઈ ભાળ મળી નથી. રવિવારે બપોર પછી એ ગુમ થઈ હોવાની શક્યતા છે. એના ચાર દિવસ થઈ ગયા છે અને ઓક્સિજનનો જથ્થો પૂરો થઈ ગયો છે. જો હજુય સમુદ્રના પેટાળમાં ક્યાંક ફસાયેલી હોય તો શોધવાનો પ્રયાસ ચાલે છે. ગુમ થયેલા પ્રવાસીઓ માટે હવે બહુ જ ઓછો સમય બચ્યો છે અથવા તો સમય બચ્યો નથી. નિષ્ણાતોએ એવો અંદેશો વ્યક્ત કર્યો હતો કે હવે આ લોકોને માત્ર કોઈ ચમત્કાર જ બચાવી શકે.

એટલાન્ટિક મહાસાગરમાં મધદરિયે અમેરિકાએ સબમરીનની ભાળ મેળવવા પ્રયાસો શરૂ કર્યા હતા. કેનેડાએ રોબોટની મદદથી પ્રયાસો હાથ ધર્યા છે અને ફ્રાન્સની નેવીએ કેમેરા સાથેના રોબોટ્સ દરિયાના પેટાળમાં ઉતાર્યા છે. અમેરિકાના નિવૃત્ત નેવી અધિકારી એડમિરલ જોન માઉગરે કહ્યું હતું કે કનેક્ટિકટ જેવા વિશાળ વિસ્તારમાં અભિયાન ચાલી રહ્યું છે, તેમ છતાં નોર્થ એટલાન્ટિક એટલો મોટો છે એમાં શોધખોળનું કામ બહુ કપરું છે.

રવિવારે જ્યારે ટાઈટન સમુદ્રમાં ઉતરી ત્યારે પોણા બે કલાક સુધી એનો સંપર્ક કર્યો હતો. એ પછી સંપર્ક કપાઈ ગયો હતો. એ વખતે કેનેડાનું રીસર્ચ આઈસબ્રેકર તેની સૌથી નજીક હતું. જોકે, એ સંપર્ક કટ થયો તે સ્થળે પહોંચ્યું તે પછી પણ કોઈ ભાળ મળી ન હતી.

હિમાચલમાં ભારે વરસાદ થતાં ઓરેન્જ એલર્ટ

યુપીમાં વીજળી પડતાં બાળક સહિત ચારનાં મોત : અરૂણાચલમાં ભૂસ્ખલન, નેટવર્ક ઠપ

નવી દિલ્હી, તા. ૨૨

હવામાન વિભાગે ૨૭મી જૂન સુધીમાં અનેક રાજ્યોમાં હળવાથી ભારે વરસાદની આગાહી કરી છે. હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ પડતાં ઓરેન્જ એલર્ટ અપાયો હતો. અરૂણાચલ પ્રદેશમાં કેટલાય સ્થળોએ ભૂસ્ખલન થતાં મોબાઈલ નેટવર્ક ખોરવાઈ ગયું હતું. યુપીમાં વીજળી પડતાં ચારના મોત થયા હતા.

ઉત્તર પ્રદેશના સોનભદ્ર જિલ્લામાં વીજળી પડતાં એક બાળક સહિત ચારનાં મોત થયા હતા. બે લોકો વીજળી પડવાથી દાઝી ગયા હતા આખા જિલ્લામાં ભારે વરસાદ પડ્યો હતો. અરૂણાચલ પ્રદેશના કેટલાય જિલ્લાઓમાં જમીન ધસી પડવાની ઘટનાઓ નોંધાઈ હતી. તેના કારણે મોબાઈલ ટાવર્સ પડી ગયા હતા અને મોબાઈલ નેટવર્ક ઠપ થઈ ગયું હતું. કેટલાક રસ્તાઓ બંધ થઈ ગયા હતા. એ રસ્તાઓ ફરીથી શરૂ કરવાની કવાયત હાથ ધરાઈ હતી. હિમાચલ પ્રદેશમાં પણ કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદ પડ્યો હતો. તીવ્ર હવા અને તોફાની વરસાદના કારણે લોકોને બહાર ન નીકળવાની ચેતવણી આપવામાં આવી હતી અને આખા રાજ્યમાં ઓરેન્જ એલર્ટ જારી કરાયો હતો. અતિ ભારે વરસાદના કારણે કેટલાક પહાડી વિસ્તારોનો રસ્તો બંધ થઈ ગયો હતો. રાજ્યના કેટલાક સ્થળોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. જોગીન્દરનગરમાં ૯૭ એમએમ વરસાદ નોંધાયો હતો. કઠઉલામાં ૫૨ એમએમ વરસાદ નોંધાયો હતો. ઓડિશામાં ચોમાસાનું આગમન થયું હતું. હવામાન વિભાગના કહેવા પ્રમાણે રાજ્યમાં આગામી ચારથી પાંચ દિવસમાં ભારે વરસાદ પડશે. દિલ્હી-એનસીઆરમાં ઝાપટું પડ્યું હોવાથી તાપમાન ગગડ્યું હતું. બે-ત્રણ દિવસમાં વધારે વરસાદની શક્યતા છે. ચોમાસું દક્ષિણના રાજ્યોમાંથી હવે આગળ વધ્યું છે. તેલંગણા, આંધ્રપ્રદેશ, ઓડિશા થઈને પશ્ચિમ બંગાળ થઈને પૂર્વોત્તર રાજ્યોમાં આવશે અને ત્યાંથી ઉત્તર-પશ્ચિમ ભારતમાં પહોંચશે. વાતાવરણમાં ઠંડક રહેશે. હવે એકેય રાજ્યમાં હીટવેવની શક્યતા નથી. ૨૭મી જૂન સુધીમાં દેશના અનેક રાજ્યોમાં વરસાદ થઈ જશે એવો અહેવાલ હવામાન વિભાગે આપ્યો હતો.

બેંગાલુરુ અને

(પહેલા પાનાનું ચાલુ)

કરશે તેમ વ્હાઈટ હાઉસના વરિષ્ઠ અધિકારીએ એક નિવેદનમાં જણાવ્યું છે. અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે ગયા વર્ષે અમેરિકાએ વિક્રમજનક ૧,૨૫,૦૦૦ વિઝા ભારતીય વિદ્યાર્થીઓને આપ્યા હતાં. આ સાથે જ અમેરિકામાં ભણતા વિદેશી વિદ્યાર્થીઓમાં ભારતીયોની સંખ્યા સૌથી વધુ છે. એક અંદાજ મુજબ અમેરિકામાં ભણતા વિદેશી વિદ્યાર્થીઓ પૈકી ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦ ટકાથી વધુ છે.

અધિકારીના જણાવ્યા અનુસાર અમેરિકા બેંગાલુરુ અને અમદાવાદમાં નવા વાણિજ્ય દૂતાવાસ શરૂ કરવા માગે છે. બીજી તરફ સિએટલમાં નવું વાણિજ્ય દૂતાવાસ શરૂ કરશે.

ઉલ્લેખનીય છે કે અમેરિકાના પાંચ શહેરોમાં ભારતના વાણિજ્ય દૂતાવાસ છે. આ પાંચ શહેરોમાં ન્યૂયોર્ક, સાન ફ્રાન્સિસ્કો, શિકાગો, હ્યૂસ્ટન અને એટલાન્ટાનો સમાવેશ થાય છે.

બીજી તરફ ભારતના દિલ્હીમાં અમેરિકાનું દૂતાવાસ આવેલુ છે. જ્યારે મુંબઈ, કોલકાતા, ચેન્નાઈ અને હૈદરાબાદમાં વાણિજ્ય દૂતાવાસ આવેલા છે.

આજે સ્ટેટ ડિનરમાં

(પહેલા પાનાનું ચાલુ)

પણ સમાવેશ કરાયો છે.

ફર્સ્ટ લેડી જીલ બાઈડેને જણાવ્યું કે, આ સ્ટેટ ડીનરમાં સૌથી પહેલાં મેરિનેટ કરાયેલો બાજરો, મકાઈના દાણાનો સલાડ, તરબૂચનો રસ, અને એક તીખો એવોકેડો સૉસ પીરસાશે, તેમજ ભરેલા પોર્ટબેલો મશરૂમ હશે. મીઠાઈમાં મલાઈદાર કેસર યુક્ત રીસોટો રહેશે. તે ઉપરાંત ગુલાબજાંબુ તથા ઈલાયચીવાળો સ્ટ્રોબેરી શોર્ટ કેક અને અન્ય વ્યંજનો રહેશે. તે ઉપરાંત મહેમાનોને સુમેક-રોસ્ટેડ સી-બાસ, લેમન ડીલ યોગર્ટ સૉસ, જાડાં અનાજની કેક, તથા સમર સ્કવૉશ પણ પીરસવામાં આવશે. આ મેનુમાં ભારત અને અમેરિકાની વાનગીઓ સામેલ કરવામાં આવી છે. જોકે, અન્ય મહેમાનો માટે માછલીનો વિકલ્પ રખાયો છે.

ઉત્તરાખંડમાં કાર કોતરમાં પડતાં ૧૦નાં મોત

(પીટીઆઈ) પિથોરાગઢ (ઉત્તરાખંડ), તા.૨૨

ઉત્તરાખંડમાં મંદિરે દર્શનાર્થે જઈ રહેલા ભાવિકોની કાર ગુરૂવારે મુન્સિયારી સ્થિત ૬૦૦ મીટર ઊંડા કોતરમાં ગબડી જતાં તમામ ૧૦ પ્રવાસીના મોત થયા છે.

કારચાલક સહિત ૧૦ જણ બોલેરો ગાડીમાં બેઠા હતા, જે પૈકી કોઇ બચી શક્યું નથી. બધી લાશોને કોતરમાંથી બહાર કાઢવામાં આવી છે. યાત્રાળુઓ રાજ્યના હોકરા ખાતે આવેલા કોકિલાદેવીના મંદિરે જઇ રહ્યા હતા ત્યારે સવારે ૭.૩૦ના સુમારે દુર્ઘટના થઇ હતી. બુધવારની રાત્રે આ વિસ્તારમાં ભારે વરસાદ થતા જમીન ભીની થઇ ગઇ હતી, જેના પગલે ભાવિકોની ગાડી કોતરમાં ગબડી પડી હોવાની શંકા સેવાઇ રહી છે.

ઝઘડિયા નિર્દિષ્ટ વિસ્તાર
મુખ્ય અધિકારીશ્રીની કચેરી
નિવિદા નં.૦૪/૨૦૨૩-૨૪

મુખ્ય અધિકારીશ્રી, નિર્દિષ્ટ વિસ્તાર કચેરી જી.આઈ.ડી.સી. ઝઘડિયા, પ્લોટ નં ૭૩૩ થી ૩ રોડ નં.૧, આકાશ પોલિફિલ્મ કંપની પાસે નિર્દિષ્ટ વિસ્તારમાં વિવિધ કામો માટે અનુભવી કોન્ટ્રાક્ટરો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. જે માટે રજીસ્ટર્ડ થયેલ કોન્ટ્રાક્ટરો પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવાના થાય છે.

અ.નં. ૧ થી ૩	ઓનલાઈન ટેન્ડર	આ ટેન્ડર ફક્ત ઓનલાઈન તા.૨૩/૦૬/૨૦૨૩ થી ૧૩/૦૭/૨૦૨૩ના રોજ ૧૭.૦૦ કલાક સુધી વેબસાઈટ www.gidc.nprocure.com ઉપર જ ભરાશે.
અ.નં. ૪ થી ૫	ઓફલાઈન ટેન્ડર	આ ટેન્ડર ફક્ત ઓફલાઈન તા.૨૩/૦૬/૨૦૨૩ થી ૧૧/૦૭/૨૦૨૩ના રોજ ૧૭.૦૦ કલાક સુધી મુખ્ય અધિકારીશ્રી નિર્દિષ્ટ વિસ્તાર કચેરી જી.આઈ.ડી.સી. ઝઘડિયા, પ્લોટ નં-૭૩૩ થી ૩ રોડ નં.૧, આકાશ પોલિફિલ્મ કંપની પાસેથી મેળવવાના રહેશે.

આ કામના ઓનલાઈન માટેના બીજા દસ્તાવેજ પુરાવા, બાનાની રકમ, ટેન્ડર ફી, રજીસ્ટ્રેશનની કોપી વિગેરે, તથા ઓફલાઈન ટેન્ડરની પ્રાઈઝ બિડ અને તેના દસ્તાવેજ પુરાવા તા.૧૨/૦૭/૨૦૨૩ થી ૧૫/૦૭/૨૦૨૩ના ૧૭:૦૦ કલાક સુધીમાં રજી.પી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર સેન્ટ્રલ ડીલીવરીથી મળે તે રીતે મુખ્ય અધિકારીશ્રી નિર્દિષ્ટ વિસ્તાર જી.આઈ.ડી.સી. ઝઘડિયાને કવરમાં મોકલવા. ટેન્ડર ઓપનીંગ તા.૧૭/૦૭/૨૦૨૩ના રોજ ૧૨:૦૦ કલાકે કરવામાં આવશે.

આ કામની નિવિદા ઓફિસના નોટીસ બોર્ડ ઉપર તેમજ વેબસાઈટ www.nprocure.com તથા www.statetenders.gujarat.gov.in પર જોવા મળશે. વધુ માહિતી જરૂરીયાત હોય તો મુખ્ય અધિકારીશ્રી નિર્દિષ્ટ વિસ્તાર કચેરી જી.આઈ.ડી.સી. ઝઘડિયા ફોન નં.(૦૨૬૪૫) ૨૨૬૧૫૪ ખાતે કામકાજના સમય દરમિયાન મેળવી શકાશે.

સહી/-
મુખ્ય અધિકારી
નિ.વિ. ઝઘડિયા

(માહિતી-ભરૂચ-૨૦૨-૨૦૨૩)

MADHYA GUJARAT VIJ CO. LTD.
BODELI (O&M) DIVISION OFFICE
Nr. 66 KV BODELI S/S, HALOL ROAD,
ALIPURA BODELI- 391 135
TELE PHONE : (02665) 220341 FAX NO.: (02665) 222541

જાહેર વિનંતી

આથી મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ બોડેલી વિભાગીય કચેરી, બોડેલી દ્વારા જાહેર જનતાને વિનંતી કરવામાં આવે છે કે કુદરતી અસામાન્ય પરિસ્થિતિ જેવી કે વરસાદ તથા વાવાઝોડા સમયે ખોરવાયેલ વીજપુરવઠો પુનઃસ્થાપિત કરવા માટે ત્વરિત પગલાં લેવામાં આવે છે. વીજ વિક્ષેપ અંગેની આપની ફરિયાદ અમારા ટોલ ફ્રી નંબર "૧૯૧૨૪" તથા "૧૮૦૦ ૨૩૩ ૨૬૭૦" પર નોંધાવવી.
હોનારતની પરિસ્થિતિમાં નજીકના ફરિયાદ કેન્દ્ર પર (ચોવીસ કલાક કાર્યરત) નીચે દર્શાવેલ ટેલીફોન નંબર પર ફરિયાદ નોંધાવવી.

બોડેલી (સં. અને નિ.) વિભાગીય કચેરી
૯૦૯૯૯૫૬૩૧૮

અનુ.નં	પેટા વિભાગીય કચેરી	ટેલિફોન નંબર
૧	બોડેલી	૯૯૨૫૫૨૧૪૦૪૫, ૦૨૬૬૫-૨૨૦૪૪૧
૨	પાવીજેતપુર	૬૩૫૯૦૩૯૧૦૩
૩	તેજગઢ	૬૩૫૯૦૩૯૧૦૫
૪	છોટાઉદેપુર	૬૩૫૯૬૦૬૫૫૯, ૦૨૬૬૯-૨૩૨૭૫૮
૫	કવાંટ	૮૧૪૧૫૦૮૯૫૨
૬	નસવાડી	૬૩૫૯૬૩૯૧૦૪

કુદરતી અસામાન્ય પરિસ્થિતિમાં મોટા સમયના વીજ વિક્ષેપ માટે ધીરજ રાખી આપનો સહકાર આપવા વિનંતી.
નોંધ : જાહેર જનતાને જણાવવાનું કે પ્રાકૃતિક આપદા ના સંજોગોમાં એક સાથે ઘણું મોટા વીજ વિક્ષેપની ફરિયાદો નોંધાવવા ફોન કરતા હોઈ, ઘણા ટેલીફોન નંબર વ્યસ્ત આવે તેવા સંજોગોમાં ધીરજ રાખી ફરીથી નંબર ડાયલ કરવા વિનંતી છે.

કાર્યપાલક ઈજનેર (સં અને નિ), બોડેલી.

HALLS OF RESIDENCE

The Maharaja Sayajirao University of Baroda
Grade A+ Accredited by NAAC

Short Tender Notice No.2 of 2023-2024

E-Tender (online) in two bid system are invited for the work as below. The tender documents and other conditions can be downloaded free of cost from the website **www.nprocure.com**. The tenders will be received online up to 13-07-2023 till 16.00 hours.

Name of Work	Estimated cost Approx in (Lacs)
Annual Rate Contract for House-Keeping (Clearing Wash Areas and Passages, ROOMS, etc.) at Unit rate at various Hostels of Halls of Residence buildings in the University Campus for the year 2023-2024.	134.00

CW/213
Date : 21-06-2023

Offg. Chief Warden
Halls of Residence

(માહિતી-વડો-૪૩૫-૨૩-૨૪)

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ

સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ - વડોદરા-૩૯૦૦૦૭
GUVNL
PBX:(0265) 2310582-86 www.guvnl.com
CIN U40109GJ2004SGC045195
ISO 9001-2015 Certified Company
G20

જાહેર સૂચના

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ (GUVNL) માનનીય ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના (GERC) તા.૨૦/૦૪/૨૦૨૨ ઓર્ડર નં. ૦૩/૨૦૨૨ "ગુજરાત રાજ્યમાં નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ થી નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ સુધીના નિર્ધારિત સમયગાળા માટે, બાયોમાસ આધારિત પાવર પ્રોજેક્ટ્સ અને બગાસ આધારિત કો-જનરેશન પ્રોજેક્ટ્સમાંથી વિતરણ પરવાનાધારકો અને અન્ય લોકો દ્વારા વીજળીની પ્રાપ્તિ માટે ટેરિફનું નિર્ધારણ" મુજબ [illegible] સાથે તેમના [illegible] મેગાવોટ બગાસ આધારિત કો-જનરેશન પ્રોજેક્ટમાંથી ૧૦ મેગાવોટ પાવર વેચાણ માટે પાવર પરચેઝ એગ્રીમેન્ટ કરેલ છે. જે પાવર પરચેઝ એગ્રીમેન્ટની મંજૂરી માટે GUVNL દ્વારા માનનીય GERC સમક્ષ પિટિશન નં. [illegible] ફાઈલ કરેલ છે. પક્ષકારો [illegible] તેમના સૂચનો / વાંધાઓ / ટિપ્પણીઓ આ જાહેર સૂચના પ્રસિધ્ધ થયાના ૩૦ દિવસની અંદર સચિવ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગને (GERC), છઠ્ઠો માળ, જીઆઇએફટી વન, રોડ ૫-સી, ઝોન ૫, જીઆઇએફટી સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫ ખાતે [illegible] પાંચ નકલમાં કરી શકશે. [illegible] www.guvnl.com ઉપર [illegible] ઉપલબ્ધ કરાયેલ છે.

તારીખ: 23/06/2023
જનરલ મેનેજર (RE)

અમૂલડેરી (ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડનું એકમ)

ટેન્ડર નોટિસ

[illegible]

[illegible] www.amul.com/m/tender-notice [illegible]

Amul SAGAR

SHRI VILE PARLE KELAVANI MANDAL

PIMO, 3rd Floor, NMIMS New Building, V. L. Mehta
Road, Vile Parle (West), Mumbai - 400 056
Tel. No. 022 – 4219 9999

TENDER NOTICE

Sealed Tenders are invited from reputed Contractors for the proposed **Fire Fighting, Plumbing, Electrical, HVAC and IBMS works** at Shri Vile Parle Kelavani Mandal's NMIMS (Deemed to-be University) Campus, Near Apple Global School & Sarvottam Hotel, Gibpura – Ahead of Shantipura Circle, Sanand - Sarkhej highway Road, Sanand, Ahmedabad, Gujarat - 382210.

This is an Item Rate Contract and only parties that have adequate experience of executing similar Projects with International Standards will be considered.

Blank Tender Forms with full details including tender conditions will be available with Ms. **Varsha Parab**, **Director PIMO** at the above address during office hours from 11.00 a.m. to 04.30 p.m. on payment of non-refundable fee of ₹ 5000/- each (Including GST) in cash or by DD / Pay Order favouring **"Shri Vile Parle Kelavani Mandal"**, payable at Mumbai.

The tender collection dates are given below:

Plumbing, Fire Fighting and HVAC Tender: From 24.06.2023

Annexure-B

ધર્મ-સમાજ-સંસ્થા

ટક્કર ટળી | ઓફિસ અને કમિટી મેમ્બરની બેઠકો માટે 25 જૂને ચૂંટણી થવાની હતી

પોલો ક્લબનાં 2 જૂથ વચ્ચે સમજૂતી સતત બીજા વર્ષે ચૂંટણી સમરસ થઈ

ક્લબનો વહીવટ બરાબર ચાલે તે હેતુસર ચૂંટણી સમરસ કરાઈ : હેમંત શાહ

સિટી રિપોર્ટર | વડોદરા

શહેરના પોલો ક્લબની 25મી જૂનના રોજ યોજાનારી ચૂંટણી સમરસ થઈ ગઈ છે. પોલો ક્લબમાં સક્રિય બે જૂથના સભ્યો વચ્ચે બેઠક બાદ ક્લબનો વહીવટ યોગ્ય રીતે ચાલે તેવા હેતુથી ચૂંટણી સમરસ કરાઈ હોવાનું પ્રેસિડન્ટ હેમંત શાહે જણાવ્યું હતું. ઉલ્લેખનિય છે કે, દર વર્ષે પોલો ક્લબમાં ઓફિસ બેરરની 4 બેઠક અને કમિટી મેમ્બરની 5 બેઠક પર ચૂંટણી યોજાતી હોય છે.

પોલો ક્લબના સભ્યોના જણાવ્યા અનુસાર, ક્લબની 15 વ્યક્તિઓની કમિટી છે. જેમાં દર વર્ષે 9 મેમ્બરોનું ઇલેક્શન થતું હોય છે. છેલ્લાં 2 વર્ષથી પોલો ક્લબની ચૂંટણી સમરસ થતી આવી છે. તેવામાં ચાલુ વર્ષે પ્રેસિડન્ટ તરીકે કૌશિક ભટ્ટ અને હેમંત શાહ વચ્ચે જંગ જામવાનો હતો. જોકે છેલ્લી ઘડીએ બંને જૂથ વચ્ચે બેઠક બાદ સમજૂતી થતાં હેમંત શાહ પ્રેસિડન્ટ તરીકે સતત બીજા વર્ષે કાર્યરત રહેશે. પ્રેસિડન્ટ અને વાઈસ પ્રેસિડન્ટ અને ટ્રેઝરરની ટર્મ 1 વર્ષની હોય છે. જ્યારે સેક્રેટરીની 2 વર્ષની ટર્મ હોય છે. આ ઉપરાંત કમીટી મેમ્બરની ટર્મ 2 વર્ષની હોય છે.

પોલો ક્લબની ચૂંટણી સમરસ બનતા હવે 25 જૂનના રોજ માત્ર નામ જાહેર કરવામાં આવશે. જેમાં પ્રેસિડન્ટ તરીકે હેમંત શાહ, વાઈસ પ્રેસિડન્ટ તરીકે અનુજ નગરશેઠ, સેક્રેટરી તરીકે મનીષ ભટ્ટ, ટ્રેઝરર તરીકે ચિરાગ ભટ્ટ રહેશે. આ ઉપરાંત કમિટી મેમ્બરમાં એડવોકેટ ગૌરવ નાણાવટી, ચિરાયુ ચોકસી, ભૌમીક નાગરેચા, મુકેશ મહેતા અને સ્નેહલ ઝવેરી કાર્યરત રહેશે.

84 વર્ષ પહેલાં 1939માં શરૂ કરાયેલી ક્લબમાં હાલ 3300 મેમ્બરો છે

25 એપ્રિલ 1939માં પોલો ક્લબની શરૂઆત થયાને 84 વર્ષ થયા છે. હાલ ક્લબમાં કુલ 3300 મેમ્બરો છે. જેમના માટે ક્લબમાં ટેનીસ કોર્ટ, બેડમીન્ટન કોર્ટ, જીમ, સ્વિમીંગ સહિતની સ્પોર્ટ્સ એક્ટીવીટી તમજ જીમનો પણ સમાવેશ થાય છે.

ક્લબની પ્રવૃત્તિઓ ભવિષ્યમાં પણ સારી રીતે ચાલે તે માટે સૌએ સાથે મળી નિર્ણય લીધો

> ક્લબના મેમ્બરોએ સાથે મળીને ક્લબની પ્રવૃત્તિઓ સારી રીતે ચાલે અને આયોજનો અને વહીવટ યોગ્ય રીતે કરી શકાય તે માટે ચૂંટણી સમરસ કરવાનો નિર્ણય લીધો છે.
> **હેમંત શાહ, પ્રેસિડન્ટ**

70થી વધુ વિદ્યાર્થીઓને ઈનામો એનાયત કરાયાં

ચોર્યાસી મેવાડા બ્રહ્મ સમાજે વિદ્યાર્થીઓનું સન્માન કર્યું

સિટી રિપોર્ટર | વડોદરા

જગત નિર્માણનું કાર્ય કરવું હોય તો એ સમાજમાં એ દેશમાં રહેતા નાગરિકોમાં શિક્ષણ હોવું ખૂબ જરૂરી છે. સારું શિક્ષણ ઉચ્ચ સમાજનું સર્જન કરે છે. બસ આ જ સિદ્ધાંતને સિદ્ધ કરવાના ભાગરૂપે દશરથ ચોર્યાસી મેવાડા બ્રહ્મ સમાજ દ્વારા વિદ્યાર્થીઓનું સન્માન કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

સમસ્ત ચોર્યાસી મેવાડા બ્રહ્મ સમાજના પ્રમુખ પ્રફુલભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, સમાજના અભ્યાસ કરતા અને વિશિષ્ટ સિદ્ધિ મેળવેલા વિદ્યાર્થીઓનું સન્માનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના ટ્રસ્ટીઓ પણ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં 70થી વધારે વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. સમાજ દ્વારા વિદ્યાર્થીઓને ચાંદીના સિક્કા, જ્યોમેટ્રી બોક્સ સહિતના ઈનામો આપવામાં આવ્યાં હતાં. દશરથમાં ચોર્યાસી મેવાડા બ્રહ્મ સમાજના 80 જેટલા પરીવારો વસે છે.

ન્યૂઝ બ્રીફ

30 જેટલા સાધકો દ્વારા સ્વિમિંગ પુલમાં યોગની વિવિધ મુદ્રા કરીને યોગ દિવસની ઉજવણી કરાઈ

21મી જૂન વિશ્વ યોગ દિવસ નિમિત્તે શહેરના એક સ્વિમિંગ પુલમાં વિવિધ યોગ મુદ્રાઓ કરીને યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં 30 જેટલા સાધકોએ પાણીમાં ઊતરીને યોગ કર્યા હતા. ઉલ્લેખનિય છે કે, યોગ દિવસ નિમિત્તે શહેરનાં 50થી વધુ જાહેર સ્થળો, બગીચાઓ તેમજ મેદાનોમાં સાધકો દ્વારા યોગ કરીને યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

દિવ્ય ભાસ્કરને જણાવો

તમારા સમાજ - સંસ્થા, ધર્મ કે તમારી આસપાસ બનતી નાની - મોટી ઉજવણીઓને આ પાના પર સમાવવા માટે નીચે આપેલ ઈ-મેઈલ આઈડી પર ફોટો સાથે વિગત મોકલી આપો

dbpressnote.vadodara@gmail.com

અથવા નીચેના સરનામે મોકલી આપો

દિવ્ય ભાસ્કર | એ-49, આર્યન એવન્યુ
રણછોડપાર્ક સોસાયટી, કારેલીબાગ, વડોદરા

જાંબુ બ્રાહ્મણ ત્રિતડ સમાજ દ્વારા ઈનામ અપાશે

ધાર્મિક રિપોર્ટર | વડોદરા

શ્રી જાંબુ બ્રાહ્મણ ત્રિતડ સમાજ પ્રગતિ મંડળ દ્વારા 2 જુલાઈના રોજ રવિવારે 4 કલાકે એસ.એસ. પટેલ હાઈસ્કૂલ,મુજ મહુડા ખાતે ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાશે. જેમાં સમાજના બાળકોને રાહત દરે ચોપડાનું વિતરણ તથા ચાલુ વર્ષ ધોરણ 1 થી 12 માં 70% થી વધુ ગુણ મેળવેલ સમાજના બાળકોનું સન્માન કરવામાં આવશે. જેના માટે વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટની નકલ તા 20 થી 25 જૂન સુધીમાં જમા કરાવવાની રહેશે.

આજે મહાઆરતી, સત્સંગ-ભંડારાનું આયોજન

સિંધી સમાજે સ્વામી ટેઉરામ મહારાજનો જન્મોત્સવ ઊજવ્યો

ધાર્મિક રિપોર્ટર | વડોદરા

સદગુરૂ સ્વામી ટેઉરામ મહારાજના 137મા જન્મોત્સવ નિમિત્તે સિંધી સમાજ દ્વારા વારસિયાથી શોભાયાત્રાનું આયોજન કર્યું હતું. જેમાં સંત મુકેશસાંઈ સહિત દેશભરમાંથી મોટી સંખ્યામાં આવેલા સિંધી સમાજના લોકો જોડાયા હતાં. 23 જૂનના રોજ મહાઆરતીનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

સિંધી સમાજના અગ્રણીઓએ જણાવ્યું હતું કે. ગુરુવારના રોજ સાંજે 5:00 કલાકે પ્રેમપ્રકાશ ધર્મ તિર્થ વારસિયા ખાતેથી શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે પ્રેમપ્રકાશ ધર્મ તિર્થ સ્થાનથી પ્રસ્થાન કરીને સિંધુ સાગર થઈને શિવ વાટિકા-જૂના આર.ટી.ઓ.-સિંધી બેન્ક-હરિસેવા સ્કુલ થઈ પરત પ્રેમપ્રકાશ ધર્મ તિર્થ સ્થાન ખાતે સંપન્ન થઈ હતી. 23મી જૂનને શુક્રવારે વહેલી સવારે 5:45 કલાકે વિશેષ પૂજા, સવારે 6:45 કલાકે મહા આરતી તથા સવારે 7:00 થી 8:30 કલાક સુધી પ્રભુ પ્રાર્થના, સત્સંગ નું આયોજન કરવામાં આવ્યું છે. બાળકો માટે ચિત્ર સ્પર્ધા પણ યોજવામાં આવશે.

25મીએ હૃદય રોગ માટે નિઃશુલ્ક કેમ્પ યોજાશે

સિટી રિપોર્ટર | વડોદરા

સત્ય સાંઈ સંસ્થા દ્વારા 25 જૂન ને રવિવારે સવારે 9:30 થી 12 કલાક દરમિયાન સયાજીગંજ સ્થિત વાકળ નિદાન કેન્દ્ર ખાતે આવેલા સંકુલમાં, સાંજે 4 થી 6 કલાક દરમિયાન કુબેરેશ્વર મહાદેવ મંદિર, માંજલપુર તેમજ 2 જુલાઈના રોજ કારેલીબાગ રોડની ટેક્નોલોજી પાર્ક ખાતે સવારના 9:30 થી 12 કલાક સુધી હૃદય રોગ માટેનું આયોજન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનિય છે કે, સત્ય સાંઈ દ્વારા છેલ્લાં 10 વર્ષથી વિવિધ કેમ્પ યોજે છે.

જ્ઞાનેશ્વરી ગાડગેને 'સ્વર રત્ન' એવોર્ડથી સન્માનિત કરાશે

વડોદરા | વિક્રમ વાંચનાલય સંસ્થાએ 50 વર્ષ પૂરા કર્યા તે નિમિત્તે 23 જૂન શનિવારના રોજ રાત્રે 8-30 વાગે, મહાત્મા ગાંધી નગરગૃહ ખાતે ગાયન સ્પર્ધાની વિજેતા જ્ઞાનેશ્વરી ગાડગે દ્વારા હિન્દી તેમજ મરાઠી ગીતોનો સંગીત "સ્વર જ્ઞાનેશ્વરી" કાર્યક્રમ તેમજ વડોદરા સાહિત્ય ગૌરવ" પુરસ્કાર સન્માન મહોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ડેરા પોળ જૈન સંઘમાં પાર્શ્વનાથ ભગવાનનો જન્મ કલ્યાણક ધામધૂમથી ઊજવાયો

સાધ્વીજીની 96મી વર્ધમાન તપની ઓળીનું પારણું યોજાયું

ધાર્મિક રિપોર્ટર | વડોદરા

ડેરાપોળ જૈન સંઘ માં પાર્શ્વનાથ ભગવાનનો જન્મ કલ્યાણક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં 56 દીક કુમારિકાઓ એ જન્મ મહોત્સવ ની ઉજવણી કરી હતી. આ ઉપરાંત નાની બાલિકાઓ દ્વારા તીર્થંકરની માતાને આવેલા 14 સ્વપ્ન દર્શન કરાવ્યા હતા. સાધ્વી ધ્યાનરસાશ્રીજી મહારાજ ની આયંબિલ ઓળી ના પારણાં નો કાર્યક્રમ યોજાયો હતો. શુક્રવારના રોજ ભગવાન નો દિક્ષા કલ્યાણક વરઘોડો યોજાશે તથા રાત્રે આચાર્ય રાજરત્ન સુરી મહારાજ ભગવાનને અંજનની વિધિ કરાશે.

જૈન અગ્રણી દીપક શાહે જણાવ્યું હતું કે, ગુરુવારના રોજ જૈનસંઘમાં શાસ્ત્રીય વિધિ વિધાન થી દેવ લોક માંથી ભગવાન નો આત્મા ચવીને વામાનંદા માતા ની કુક્ષી આવ્યો અને ત્યાર બાદ આચાર્ય રાજરત્નસુરી તથા રશ્મિરત્નસુરી મહારાજ સાહેબે મંત્રોચ્ચાર ની વિધિ દ્વારા ભગવાનનો જન્મ કરાવ્યો હતો. ત્યારબાદ 56 દીક કુમારિકા ઓ દ્વારા અને ઈન્દ્ર-ઈન્દ્રાણી દ્વારા ભગવાનના જન્મનો મેરુ પર્વત ઉપર લઇ જઈ અભિષેક કરવામાં આવ્યો હતો. ભગવાનના જન્મ બાદ ધ્યાનરસાશ્રીજી મહારાજ સાહેબની 96મી વર્ધમાન તપની ઓળી નું પારણું કરાવવામાં આવ્યું હતું.

25મીએ દિવ્ય ભાસ્કરના એક્સ્પોમાં નિષ્ણાતો આપશે SDSના ફાયદા અને ડોક્યુમેન્ટ્સ અંગેની જાણકારી

વિદેશની યુનિવર્સિટીઓમાં પ્રવેશ - પીઆરની જાણકારી માટે રવિવારે સ્ટડી એબ્રોડ એક્સ્પો

વડોદરા | છેલ્લા કેટલાક વર્ષોથી વિદ્યાર્થીઓ અને યુવાનોમાં વિદેશની યુનિવર્સિટી અને કોલેજોમાં એડમિશન લઈને ત્યાં જ સ્થાયી થવાનો ટ્રેન્ડ વધ્યો છે. ધો.12 કે ગ્રેજ્યુએશન વિદ્યાર્થી પૂર્ણ કરે ત્યારે તે વિદેશી યુનિવર્સિટીમાં એડમિશન લેવાનું પ્લાનિંગ કરતો હોય છે. જો તમે પણ આવા જ મહત્વકાંક્ષી વિદ્યાર્થી છો અને વિદેશની ભૂમિ પર જ કારકિર્દી બનાવવાનું સ્વપ્ન છે તો આગામી 25મી જૂને દિવ્ય ભાસ્કર દ્વારા આયોજિત સ્ટડી એબ્રોડ એક્સપો તમારા માટે શ્રેષ્ઠ વિકલ્પ છે. અમે જાણીએ છીએ કે, કેનેડાની યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટે આજકાલ વિદ્યાર્થીઓમાં મોટું આકર્ષણ છે. તે માટેની સામાન્ય જરૂરિયાતો કઈ છે અને કયા ડોક્યુમેન્ટ્સ સ્ટડી પરમીટ માટે જોઈશે જેવા સવાલો ધો.12 કે ગ્રેજ્યુએશન બાદ પણ તમારી સમક્ષ હોય તો આ એક્સપોમાં તેના વિસ્તૃત અને સંતોષકારક જવાબો પણ નિષ્ણાતો દ્વારા ઉપલબ્ધ રહેશે. કેનેડામાં અભ્યાસ કર્યા બાદ પણ શું પરમેનન્ટ રેસિડેન્સી માટે અપ્લાય કરી શકાય છે કે કેમ ?, એસડીએસ દ્વારા અપ્લાય કરવાના ફાયદાઓ કયા કયા છે? કેનેડામાં ઇન્ટરનેશનલ વિદ્યાર્થી તરીકે હું સ્કોલરશિપ માટે અપ્લાય કરી શકાય કે નહીં ? આ સવાલો સહિતના અનેક મૂંઝવતા સવાલોનું માર્ગદર્શન દિવ્ય ભાસ્કરના આ અબ્રોડ સ્ટડી એક્સપોમાં મળશે. વડોદરાના અત્યાર સુધીના સૌથી મોટા અબ્રોડ એક્સપોમાં તમને સંખ્યાબંધ નિષ્ણાતો મળશે જે તમને વિદેશ અભ્યાસ અને ત્યાંની પીઆરશીપ માટે શું કરવું તેના વિશે ઝીણવટભરી વિગત સાથે વિસ્તૃત માર્ગદર્શન આપશે. અમેરિકા-કેનેડા યુરોપના દેશોમાં યુનિવર્સિટી-કોલેજના સંખ્યાબંધ વિકલ્પો, તેમાં પણ કયા કોર્સિસ છે તેની માહિતીઓ. સૌથી અગત્યનું કે કોલેજમાંથી ઓફર લેટર કેવી રીતે મેળવી શકાય મેડિકલ અને એન્જિનિયરિંગ સિવાયના એવા અભ્યાસક્રમો જેમાં પણ કરિયર થઈ શકાય તેની પણ જાણકારી મળી શકશે. આ એક્સપોના મુલાકાતીઓ માટે એજ્યુકેશનલ એક્ટિવિટી, લકી ડ્રો, સેલ્ફી ઝોન વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે. આ એક્સપોની મુલાકાત માટે કન્સલ્ટન્ટ દ્વારા ફ્રી IELTS કોચિંગની વ્યવસ્થા પણ કરાઈ છે.

મેઘના શાહ (Director)

આજની સ્પર્ધાત્મક દુનિયામાં, સ્પર્ધામાં ટકી રહેવા અને સફળ થવા માટે, તમારે કમ્ફર્ટ ઝોનમાંથી બહાર આવવાની જરૂર છે - નવી સંસ્કૃતિ અપનાવો, નવા મિત્રો બનાવો અને તમારી નેટવર્કિંગ કૌશલ્ય બનાવો - તમારા સર્વાંગી વિકાસ માટે વિવિધતા (diversity) ખૂબ મહત્વની ભૂમિકા ભજવે છે. જીબી એજ્યુકેશન 2001માં વિકસિત થયું. સમગ્ર ભારતમાં 50થી વધુ બ્રાન્ચિસ ધરાવતું જીબી એજ્યુકેશન સફળતાથી 2.5 લાખથી વધારે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી ચૂક્યું છે. તે ઉપરાંત વર્ષ 2022-23 દરમિયાન 15 હજારથી વધારે સ્ટુડન્ટ્સનો સકસેસ વિઝા કરી ચૂક્યા છીએ. અમે ભારતમાં 15થી વધારે દેશોની 800થી વધારે યુનિવર્સિટીઓને રિપ્રેઝન્ટ કરીએ છીએ.

જાહેર ચેતવણી સામે સમાધાન નોટીસ

[illegible]

આર.જી.પવાર એડવોકેટ 98258 74212

2087/2023

[illegible]

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે- રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ વડોદરા, સબડીસ્ટ્રીક્ટ વડોદરા, મોજે : [illegible] રે.સ.નં. ૫૫૮/૩, જૂનો સર્વે નં. ૫૫૮/૧, બ્લોક નં. ૧૦૩૭, ... [illegible]

ઓફિસ : ૧૦૧, ... [illegible] વડોદરા.

રવાના અમારી મારફતે
વિજયકુમાર જ.શિંદે
(એડવોકેટ ગુજરાત હાઈકોર્ટ)

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ
સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્ષ - વડોદરા-૩૯૦૦૦૭
GUVNL
PBX:(0265) 2310582-86 www.guvnl.com
CIN U40109GJ2004SGC045195
ISO 9001-2015 Certified Company

જાહેર સૂચના

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ (GUVNL) [illegible] www.guvnl.com [illegible]

તારીખ: 23/06/2023 જનરલ મેનેજર (RE)

પાદરા નગરપાલિકા
જાહેર નિવિદા
ઓનલાઈન ટેન્ડર (ત્રીજો પ્રયત્ન)

પાદરા નગરપાલિકા દ્વારા ૧૫% વિવેકાધીન ગ્રાન્ટ અંતર્ગત પાદરા નગરના વિવિધ વિસ્તારમાં સ્ટ્રોમવોટર ડ્રેઈન બનાવવાના કામે અંદાજીત રકમ રૂ.૨૬,૧૦,૪૧૦/- ના ઓનલાઈન ટેન્ડર https://www.nprocure.com વેબસાઈટ પર મંગાવવામાં આવે છે. [illegible]

(માહિતી-વડો-૪૩૨-૨૩-૨૪) ... પાદરા નગરપાલિકા

ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનર
ઉદ્યોગ અને ખાણ વિભાગ
ગુજરાત સરકાર
Email: ag-auction-cg-cgm@gujarat.gov.in

તા. ૨૨ જૂન ૨૦૨૩

[illegible] (A) Code Solutions - A division of GNFC Limited [illegible]

ક્રમ નં.	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]
૧	[illegible]	[illegible]	૧.૦૦૦૦	[illegible]	[illegible]
૨	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]
૩	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]
૪	[illegible]	[illegible]	૧.૦૦૦૦	[illegible]	[illegible]
૫	[illegible]	[illegible]	૧.૦૦૦૦	[illegible]	[illegible]
૬	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]
૭	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]
૮	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]
૯	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]
10	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]
૧૧	[illegible]	[illegible]	૧.૦૦૦૦	[illegible]	[illegible]

- [illegible], ગાંધીનગર

સ્વચ્છતામાં વૃદ્ધિ આરોગ્યમાં સમૃદ્ધિ

COMMISSIONERATE OF TECHNICAL EDUCATION, GUJARAT
ADMISSION COMMITTEE FOR PROFESSIONAL COURSES (ACPC)
L. D. College of Engineering Campus, Navrangpura, Ahmedabad - 380 015.

ADMISSION TO MASTER OF ARCHITECTURE (M. ARCH) & MASTER OF PLANNING(M.PLAN) FOR THE ACADEMIC YEAR 2023-24

For the admission to first year of Master of Architecture (M. Arch) and first year of Master of Planning (M. Plan) in Government, Grant-in-Aid and Self-financed Institutes in Gujarat State, on State Quota of all institutions and Voluntarily surrendered Management quota seats by self-financed institutes, the Government of Gujarat has decided to carry out web based offline admission process for the academic year 2023-24.

Eligibility for M.Arch: The candidate shall have passed Bachelor of Architecture degree program from a recognized University/Institution.

- The candidate from general category shall have passed above mentioned degree program with minimum 50% aggregate marks (minimum 45% aggregate marks for SC/ST/SEBC/EWSs candidates)

Eligibility for M.Plan: The candidate shall have passed the below mentioned degree programs from a recognized University/Institution: Bachelor of Architecture OR B.E./B. Tech. (Civil Engineering) OR Bachelor of Planning OR Post Graduation in Geography or Economics or Sociology or equivalent qualification

- The candidate from general category shall have passed above mentioned degree program with minimum 50% aggregate marks (minimum 45% aggregate marks for SC/ST/SEBC/EWSs candidates)

General Instruction for Applying in course

- In case of a candidate applying without being eligible, his/her application will be summarily rejected and his/her application fees will be forfeited. No correspondence will be entertained in this matter.
- Application form to be downloaded from website: https://jacpcldce.ac.in or https://acpc.gujarat.gov.in during Dt. 23.06.2023 to 08.07.2023, up to 5.00 pm.
- Candidates are also required to fill all the details through following link or QR code:

For M.Arch Course: [illegible]
For M.Plan Course: [illegible]
M.Arch M.Plan

- The filled Application form has to be submitted along with application fees of Rs. 1000/- (non-refundable) through D. D. in favour of "GTERS - ACPC Income (Fees)", Payable at Ahmedabad with all necessary documents (self-attested) personally or by post/courier to ACPC, Ahmedabad from Dt. 23.06.2023 to 08.07.2023, up to 5.00 pm. ACPC will not responsible in case of any postal delay. Last date of receiving application is Dt: 08.07.2023 upto 5:00 PM.
- If candidate wants to apply in both courses then Candidate must fill separate form for each course and pay separate application fees for M.Plan and M.Arch.
- The detailed schedule of Entrance Test - PGCET - 2023 for eligible candidates shall be declared on https://jacpcldce.ac.in or https://acpc.gujarat.gov.in
- For counselling schedule, other related details and latest updates visit website: https://jacpcldce.ac.in or https://acpc.gujarat.gov.in
- The Address to Post/Courier the filled application form is Admission Committee for Professional Courses, First Floor, L. D. Engineering Campus, Navrangpura, Ahmedabad-380015.

Dt. 23/06/2023 [illegible] - Member Secretary

HELP LINE NO. (24 x 7) : 079-26566000